# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગુજરાત વિધાનસભાના સંપન્ન થયેલા ચોમાસુ સત્રમાં ત્રણ દિવસમાં 18 કલાક 32 મિનિટ ગૃહની કામગીરી થઈ. સાત વિધેયકો પસાર.**
2. **દમણ ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા બાદ આજે ઉપરાષ્ટ્રપતિ દિલ્હી માટે રવાના થશે.**
3. **પ્રિન્સ રહીમ આગા ખાન પાંચમાની રાજ્યપાલ સાથેની મુલાકાતમાં પર્યાવરણ સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી, જળ વ્યવસ્થાપન અને નશા મુક્તિ સહિતના વિષયો પર ચર્ચા**
4. **ગણેશ ઉત્સવ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે પોલીસ સજ્જ.**
5. **રાજ્યમાં આજથી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.**
6. **ફૂટબોલમાં ગુજરાત સુપર લીગ સિઝન થ્રીમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સની ટીમ દસ અંક સાથે ટોચ પર.**

.....................................

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# VIDHANSABHA SAMPAN

15મી ગુજરાત વિધાનસભાનું નવમું અને ચોમાસુ સત્ર ગઇકાલે સંપન્ન થયું. સત્ર દરમિયાન ત્રણ દિવસમાં અલગ અલગ બેઠકોમાં 18 કલાક 32 મિનિટ ગૃહની કામગીરી થઈ. આ સત્રમાં સાત મહત્વપૂર્ણ સરકારી વિધેયકો પસાર કરાયા. જેમાં ગુજરાત ભાડા વિધેયક-2026, ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને એકત્રીકરણ કરવા બાબત સુધારા વિધેયક જીએસટી સુધારા વિધ્યેક, ગુજરાત પશુધન આહાર અંગેનું વિધેયક અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સુધારા વિધેયક સહિતના વિધેયકોનો સમાવેશ થાય છે. ગૃહની વિવિધ ચર્ચાઓમાં કુલ 52 ધારાસભ્યોએ ભાગ લીધો હતો. વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મૌખિક જવાબો માટે કુલ 1,356 તારાંકિત પ્રશ્નો રજૂ થયા હતા. તેમાંથી 29 પ્રશ્નો પર ગૃહમાં મૌખિક ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન નિયમ-44 હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર અગત્યની બાબત પર ગૃહમાં નિવેદન આપ્યું હતું. જ્યારે સત્રના અંતિમ દિવસે નિયમ-102 હેઠળ ‘જનજાતીય કલ્યાણ યોજના’ અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ સમિતિઓના પાંચ અહેવાલો ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જલ જીવન મિશન અંગે CAGનો અહેવાલ પણ રજૂ કરાયો હતો.

ગુજરાત વિધાનસભાની કામગીરી અને લોકશાહી પ્રક્રિયાને નજીકથી નિહાળવા માટે રાજ્યભરમાંથી 5, હજાર 246 પ્રેક્ષકોએ વિધાનસભાની મુલાકાત લીધી હતી

# LAST DAY MOTION – VIDHANSABHA

રાજય વિધાનસભામાં ધારાસભ્ય મોહન ઢોડિયા દ્વારા રજૂ કરેલા છેલ્લા દિવસના પ્રસ્તાવ પર જવાબ રજૂ કરતાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું, આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે, આદિજાતિ વિકાસ વિભાગનું બજેટ ચાલુ વર્ષે વધીને 35 હજાર 782 કરોડ થયું છે. તેમણે કહ્યું, કાકરાપાર અને ઉકાઈ જળાશય માટે કપરાડા અને ધરમપુર તાલુકા માટે 1 હજાર 331 કરોડના ખર્ચે અંદાજે 40 હજાર એકર જમીનને આવરી લેતી સિંચાઈ યોજનાને મંજૂરી અપાઈ છે.

# VP DAMAN

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને ગઈકાલે દમણના જેમ્પોર બીચ અને મોટી દમણની મુલાકાત લીધી હતી.

જેમ્પોર બીચ ખાતે ઉપરાષ્ટ્રપતિએ સ્થાનિક પ્રવૃત્તિઓની નિહાળી. ત્યારબાદ મોટી દમણમાં આત્મનિર્ભર બનવા સ્ટોલ પર વિવિધ વસ્તુઓનું વેચાણ કરતી મહિલાઓ સાથે મુલાકાત કરી અને કામગીરી અંગે જાણકારી મેળવી હતી.તેમણે નાની દમણ ખાતે નમો પથ અને 'ન્યૂ ભારત ગ્લોબલ' ભવન અને દમણમાં નવી પોલીસ સ્ટેશન બિલ્ડીંગની મુલાકાત પણ કરી હતી.

ઉપરાષ્ટ્રપતિએ સ્થાનિક લોકો અને વેપારીઓ સાથે સંવાદ કરી દમણની સ્થાનિક સંસ્કૃતિ અને વેપારી પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવી હતી.

શ્રી રાધાકૃષ્ણન સવારે 8.30 વાગ્યે દિલ્હી જવા રવાના થશે.

# PRINCE RAHIM AGA KHAN-GOVERNOR MEETING

આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કના અધ્યક્ષ પ્રિન્સ રહીમ આગા ખાન પંચમે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે ગઇકાલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ પર્યાવરણ સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી, જળ વ્યવસ્થાપન અને નશા મુક્તિ સહિતના વિષયો પર ચર્ચા કરી.

બેઠક દરમિયાન પ્રિન્સ રહીમ આગા ખાને રાજ્યમાં જળ સંચય, ભાગીદારી સિંચાઈ વ્યવસ્થાપન અને પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક દ્વારા કરાતી કામગીરીની માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ કે આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક વર્ષ **1905**થી ગુજરાતના કચ્છ-મુન્દ્રામાં  શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે કામગીરી કરી રહી છે.

ચર્ચા દરમિયાન રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી સહિતના ગ્રામીણ કલ્યાણ કાર્યક્રમો અંગે પ્રકાશ પાડ્યો હતો.

# BRICS ANTI-MONEY LAUNDERING & COUNTERING THE FINANCING OF TERRORISM TRAINING

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી - **RRU** ગાંધીનગર ખાતે ગઈકાલે પાંચ દિવસીય **BRICS** એન્ટી-મની લોન્ડરિંગ અને કાઉન્ટરિંગ ધ ફાઇનાન્સિંગ ઓફ ટેરરિઝમ તાલીમ કાર્યક્રમનું સમાપન થયું. આ આંતરરાષ્ટ્રીય ક્ષમતા નિર્માણ પહેલ હેઠળ બ્રિક્સ દેશોના પ્રતિનિધિઓ અને નિષ્ણાતોએ સરહદ પારના નાણાકીય સુરક્ષા અને અનુપાલન માળખાને મજબૂત બનાવવા ચર્ચા વિચારણા કરી.

આ કાર્યક્રમમાં નાણાકીય ક્ષેત્રમાં ઉભરતા જોખમોને પહોંચી વળવા અને **FATF** પદ્ધતિઓના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. સહભાગીઓ સરહદ પાર પુરાવા વહેંચણી, જોખમ સંકલન અને આતંકવાદીને ધિરાણના વિક્ષેપ માટેના વ્યવહારુ માળખા સાથે સંમત થયા હતા.

# DGP REVIEW MEETING

ગણેશોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા તેમજ જિલ્લા પોલીસ વડા સાથે વીડિયો કોન્ફરન્સ બેઠક યોજાઈ હતી. બેઠકમાં તહેવાર દરમિયાન રાજ્યભરમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટેના એક્શન પ્લાનની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત, ડ્રોન અને CCTVથી ચાંપતી નજર રખાશે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારા અને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરનારા અસામાજિક તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે.

# CHOTAUDEPUR RUNGIO REPENSE

**સંશોધકોએ છોટા ઉદેપુર જિલ્લામાંથી “રુંજિયા રીપેન્સ’ છોડની એક નવી પ્રજાતી શોધી છે. જે ગુજરાતની જૈવ-વિવિધતામાં વધારો કરી રહી છે. ગીર ફાઉન્ડેશનનાં સંશોધકોએ છોટા ઉદેપુર જિલ્લામાં નર્મદા કેનાલ કમાન્ડ એરિયામાં 'રુંજિયા રીપેન્સ વરાયટી આલ્બા'ની ઓળખ કરી છે આ પ્રજાતી નવી સફેદ ફૂલોવાળી જાતી છે..**

**આ છોડને ફૂલ આવવાનો સમયગાળો ફેબ્રુઆરીથી એપ્રિલ સુધી નોંધવામાં આવ્યો હોવાનું વન અને પર્યાવરણ મંત્રી અર્જૂન મોઢવાડિયાએ જણાવ્યુ હતું.**

**(બાઇટ અર્જૂન મોઢવાડિયા, વન મંત્રી)**

("આ જે રુંજિયા રિપેન્સ વેરાયટી છે, એના સફેદ કલરને બદલે જુદા જુદા કલરના એના ઉપર પુષ્પો મળતા હતા. પરંતુ આ નવી પ્રજાતિના જે પુષ્પો છે એ સફેદ કલરના છે અને અત્યાર સુધી જે ગુજરાતની અંદર ૧૧૧૪ જેટલી વનસ્પતિની જુદી જુદી વેરાયટીઓ મળતી હતી, એમાં એક વેરાયટીનો વધારો થવા જઈ રહ્યો છે.")

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# BOTAD – NIMUBEN AMBULANCE LOKARPAN

કેન્દ્રીય રાજ્યમંત્રી અને ના સાંસદ નિમુબેન બાંભણિયાએ ગઇકાલે બોટાદમાં ચાલીસ લાખના ખર્ચે બે નવી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું. બોટાદ તાલુકાની ઝમરાળા ગામની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ગઢડા તાલુકાના ઢસા ગામના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એક-એક એમ્બ્યુલન્સ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

નવી એમ્બ્યુલન્સની ઉપલબ્ધતાથી ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા દર્દીઓને સમયસર રેફરલ સેવા, ઈમરજન્સી પરિવહન સેવા તથા પ્રસૂતિ અને ગંભીર બીમારીના કિસ્સામાં ઉચ્ચ આરોગ્ય સંસ્થાઓ સુધી ઝડપી પરિવહનની સુવિધા મળી રહેશે

# IITG HANDS FOR CLIMATE

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર (IITGN) ના સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (CCL) એ ગુજરાત સરકારના સહયોગથી ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે હેન્ડ્સ-ઓન ક્લાઇમેટ એજ્યુકેશન પહેલ લોંચ કરી છે. શહેરી મ્યુનિસિપલ શાળાઓને ધ્યાનમાં રાખીને બનાવતો આ પ્રોગ્રામ અમદાવાદ, ગાંધીનગર, સુરત અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત છે.આ પહેલ હેઠળ, પ્રોગ્રામનો ઉદ્દેશ્ય 1,000 શાળાઓ સુધી પહોંચવાનો છે,

વિદ્યાર્થીઓ માત્ર ગોખવાને બદલે પોતે પ્રવૃત્તિ કરે, માપે અને નિરીક્ષણ કરે. આકાંક્ષા યુવાનોને પ્રકૃતિ સાથે ફરીથી જોડવાની, ટકાઉ ટેવો કેળવવાની અને મોટા પાયે આકર્ષક, હેન્ડ્સ-ઓન અનુભવો દ્વારા પર્યાવરણીય વિજ્ઞાનને મનોરંજક અને રસપ્રસ બનાવવાનો ઉદેશ્ય છે.

પ્રથમ બે સત્રો દરમિયાન વિદ્યાર્થીઓએ તેમના પોતાના વરસાદ માપક, પવન દિશા દર્શક અને એનિમોમીટર પવન વેગ માપક બનાવ્યા, જેનો ઉપયોગ તેઓ હવે તેમની આસપાસ વરસાદ અને પવનની પેટર્નને માપવા અને દેખરેખ રાખવા માટે કરી રહ્યા છે.

# WEATHER

**રાજ્યમાં આજથી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે જણાવ્યું હતું કે હવામાનની સ્થિતીને જોતા 15 સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યુ હતુંકે આગામી દિવસ દરમિયાન અમદાવાદમાં હળવા વરસાદનીશક્યતા છે**

**(બાઈટ - એ. કે. દાસ, ડાયરેક્ટર, હવામાન વિભાગ)**

**("12 તારીખ સે રેનફોલ એક્ટિવિટી બઢેગી, 15 તક હેવી ટુ વેરી હેવી રેનફોલ કા વોર્નિંગ દિયા ગયા હૈ। હમારા ઉત્તર ગુજરાત ઓર દક્ષિણ ગુજરાત કી જો તટીય ક્ષેત્ર હૈ, ઇસમેં ફિશરમેન ભાઈ કે લિયે વોર્નિંગ દિયા ગયા હૈ। વિન્ડ સ્પીડ બઢેગી, સ્ટ્રોંગ હોગી 40 સે 50 કિલોમીટર પ્રતિ ઘંટા, ગસ્ટિંગ સ્પીડ્સ 60 કિલોમીટર પ્રતિ ઘંટા હોને કા સંભાવના રહેગા। ઇસમેં થંડરસ્ટોર્મ વિથ લાઈટનિંગ કા ભી વોર્નિંગ દિયા ગયા હૈ)**

**રાજ્યમાં આજે સવારે છ વાગે પૂરા થતાં 24 કલાકમાં 13 તાલુકાઓમાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો.**

# GUJARAT PRATHMIK SHIKSHAK SANGH

ગાંધીનગરમાં ચાણક્ય ભવન ખાતે કૃતજ્ઞતા થી સંકલ્પ તરફ કાર્યક્રમ હેઠળ બેઠક યોજાઇ હતી. જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, સંયુક્ત કર્મચારી મોરચો અને કર્મચારી મહામંડળ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બેઠક કરી હતી. કર્મચારી મહામંડળ દ્વારા દર ત્રણ મહિને જે તે વિભાગના મંત્રીઓ સાથે હોદ્દેદારોની મીટીંગ કરવા માટે નાયબ મુખ્યમંત્રીને વિનંતી કરતાં નાયબ મુખ્યમંત્રીએ પણ મીટીંગોની ખાતરી આપી હોવાનું ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ કહ્યું હતું.

**(બાઇટ- દિગ્વિજયસિંહ જાડેજા, પ્રમુખ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ)**

("સરકારને અમે વિનંતી કરી કે દર ત્રણ મહિને જે તે વિભાગના મંત્રી અને સચિવો સાથે મંડળો રાજ્ય લેવલની મીટિંગો થાય અને મહામંડળની દર ચાર મહિને એ તમામ ત્રણ થી ચાર મંત્રી અને તમામ અધિકારીઓ સાથે જેથી કરીને કોઈ કર્મચારીને આંદોલનો ન કરવા પડે, માંગણી ના કરવી પડે અને આ મીટિંગો દ્વારા એના પ્રશ્નોનું સોલ્યુશન આવે એવી અમારી રજૂઆત અને એને એક્સેપ્ટ માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી આજે કરવામાં આવી)

**GUJARAT SUPER LEAGUE-3 ORGANIZED BY GUJARAT STATE FOOTBALL ASSOCIATION WAS HELD IN AHMEDABAD YESTERDAY.**

ફૂટબોલમાં ગાંધીનગર જાયંટસ અને વડોદરા વોરિયર્સ નાઇટ્સ વચ્ચે રમાયેલી મેચમાં વડોદરા વોરિયર્સનો 5-1થી વિજય થયો હતો જ્યારે બીજી મેચમાં અમદાવાદ એવેંન્જર્સે કર્ણાવતી નાઇટ્સ ને 1-0થી પરાજય આપ્યો હતો. આ ચેમ્પિયનશીપમાં અત્યારુ સુધીમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટ્ન્સ 10 પોઇંટ્સ સાથે ટોચ પર છે જ્યારે અમદાવાદ એવેંન્જર્સ પણ 10 પોઇંટ્સ સાથે બીજા નંબર પર રહી છે.

# ISSO CHESS COMPETITION

બે દિવસીય **ISSO** ચેસ સ્પર્ધાનો ગઈકાલથી અમદાવાદમા પ્રારંભ થયો છે. આ સ્પર્ધામાં 102 શાળાઓના 427 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

દરમિયાન ગઈકાલે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંધ ચેસ રમી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ ખેલાડીઓની પ્રતિભાને ઓળખવા અને શાળા સ્તરે યોગ્ય મંચ પૂરું પાડવા પર ભાર મૂક્યું હતું.

# KANDLA BANDAR – ACCIDENT

કંડલા બંદરના તુણા આઉટર બોયો ખાતે બે જહાજો ટકરાતાં અકસ્માત સર્જાયો. આ ઘટનામાં જાનહાનીના અહેવાલ નથી. 33 હજાર મેટ્રિક ટન ચોખા ભરેલું જહાજ કોલસા ભરેલુ જહાજની કોલસા ભરેલા જહાજની ધડાકાભેર ટકરાયું હતું.આ ઘટનામાં 85 હજાર મેટ્રિક ટન સ્ટીમ કોલ ભરીને અનલોડ કરવા આવતા જહાજમાં ભારે નુકસાન થયું હતું

# PANCHMAHAL – CRIME

પંચમહાલના ગોધરામાં ગણેશ આગમન યાત્રા દરમિયાન અભદ્ર વર્તન કરનાર યુવકને પોલીસે ઝડપી પાડ્યો છે. યાત્રા દરમિયાન અશોભનીય વર્તનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસે ગણતરીના કલાકોમાં ધર્મેન્દ્ર પરમાર નામના આરોપીને ઝડપી પાડ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ, ડીજેના નિયમો અને જાહેરનામાનો ભંગ બદલ અત્યાર સુધીમાં 12 ડીજે જપ્ત કરી દંડની કાર્યવાહી કરવામાં આવી છે.